# થાઈરોકેર ટેક, ઉજ્જીવનનો આઇપીઓ આવતા અઠવાડિયે બજારમાં રજૂ થશે

**પીટીઆઈ**
**નવી દિલ્હી, તા.૨૦**

ડાયોગ્નોસ્ટીક્સ કંપની થાયરોકેર ટેકનોલોજીસ અને લઘુ ધિરાણકર્તા ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસિસ તેના પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ)ની ઓફર મારફતે ભંડોળ એકત્રિત કરવા આગામી સમાહે મૂડી બજારોમાં રજૂ કરશે. ઉજ્જીવન ફાયનાન્સિયલનો આઈપીઓ ૨૮મી એપ્રિલ-૨જી મે,૨૦૧૬ દરમિયાન ખુલ્લો રહેશે, તેમ જાહેર કરવામાં આવેલ માહિતીમાં જણાવાયું હતું. આ આઈપીઓ રૂ.૩૫૮ કરોડ સુધીની કિંમતના નવેસર ઈસ્યુ ઈક્વિટી શેરથી બનેલ છે અને હાલના શેરધારકો દ્વારા ૨,૪૯,૬૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ધરાવે છે.

ઉજ્જીવન બૂક રનિંગ લિડ મેનેજર્સ સાથે ચર્ચા કરી રહેલ છે, દરમિયાન રૂ.૨૯૨ કરોડમાં ૧,૪૨,૩૬,૦૫૭ ઈક્વિટી શેરના પ્રિ-આઈપીઓ પ્લેસમેન્ટની જવાબદારી લીધી છે.



રૂ.૬૫૦ કરોડના નવેસરના ઈસ્યુનું કદ છે, જે ૩૧મી ડિસેમ્બર,૨૦૧૫ તારીખે ડીઆરએચપીમાં પ્રગટ કર્યા પ્રમાણે નવેસરના ઈસ્યુનું કદ રૂ ૧.૬૫૦ કરોડ છે.

કંપનીના ઈસ્યુનું કોટક મહિન્દ્રા કેપિટલ કંપની, એક્સિસ કેપિટલ, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સનું સંચાલન કરી રહી છે.

આ કંપનીના શેરોનું બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ખાતે લિસ્ટીંગની યોજના છે.

ઉજ્જીવને ફેબ્રુઆરી મહિનામાં પ્રારંભિક જાહેર ભરણુ રજૂ કરવા નિયમનકાર સેબી પાસેથી મંજૂરી મેળવી હતી. આ ઉપરાંત થાઈરોકેરના આઈપીઓ ૨૭મી એપ્રિલના રોજ ખુલશે અને પ્રત્યેક શેરની પ્રાઈઝ બેન્ક રૂ.૪૨૦-૪૪૬ વચ્ચે રહેશે અને તે આ ભરણુ રજૂ કરીને આશરે રૂ ૧.૪૮૦ કરોડનું ભંડોળ એકત્રિત કરશે. આઈપીઓ ૨૯મી એપ્રિલના રોજ બંધ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે સાત કંપની- ઈક્વિટાસ હોલ્ડિંગ્સ, ઈન્ફીબિમ ઈનકોર્પોરેશન, ભારત વાયર રેપોઝ, હેલ્થકેર ગ્લોબલ એન્ટરપ્રાઈઝીસ, ક્વિક હિલ ટેકનોલોજીસ, ટીમલીઝસર્વિસિસ અને પ્રેસિશન કેમશાફ્ટ્સનો સમાવેશ થાય છે.